# Minority Coordination Committee Gujarat

C/o- D 404 Hateem 1, Sonal Cinema Road, Juhapura, Ahmedabad, M-9328416230

પ્રતિ શ્રી,
**મુખ્યમંત્રીશ્રી**
ગુજરાત રાજય

વિષયઃ **લઘુમતિ સમુદાયના રક્ષણ અને ઉત્થાન બાબતે આવેદન**

મહોદય શ્રી, ઉપરોકત વિષય સંદર્ભે જણાવવાનું કે રાજયમાં લઘુમતિઓની વસ્તી કુલ ૧૧.૫ % છે જેમાં મુસ્લીમ ૯.૭% , જૈન ૧.૦%, ખ્રિસ્તી ૦.૫%, સિખ ૦.૧ %, બોદ્ધ ૦.૧ % તેમજ અન્ય ૦.૧ % છે. ગુજરાત જેવા રાજયમાં જયાં લગભગ ૮૨.૩% મુસ્લિમ બાળકો પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવે છે ત્યાં જ અને મેટ્રીક સુધી પહોચતા સુધી માં આ ટકાવારી ઘટીને ૩૨.૫ % રહી જાય છે. આ એક ખુબજ ચિંતાજનક સ્થીતી છે.

ગુજરાત રાજય વર્ષોથી આન્તરીક વિસ્થાપનનું સાક્ષી રહયું છે, કોમી તોફાનો અને દરીયા કિનારાના મોટા મોટા ઓધ્યોગીક સંયંત્રો ના લિધે લગભગ ૨ લાખ લોકો વિસ્થાપીત થઈને મોટા શહેરોમાં આવી ને વસેલા છે, જેઓ મુળભુત પાયાની જીવવા લાયક સુવીધાઓના અભાવમાં મલીન વસ્તીઓમાં જીંદગી વીતાવી રહયા છે આમાં સૌથી વધુ પ્રભાવીત મુસ્લીમ સમુદાય છે. સચ્ચર સમિતીની રીપોર્ટ મુજબ મુસલમાનો માં બીજા સમુદાયોના પ્રમાણમાં વધુ ગરીબી છે. સચ્ચર સમિતિના રીપોર્ટ મુજબ ગુજરાતના સંગઠિત અને મેનુફેકચરીંગ ક્ષેત્રમાં દેશના સરેરાશ ટકાવારી ૨૧ % કરતા ઓછી માત્ર ૧૩ % માં જ મુસલમાનોની ભાગીદારી છે અને બીજા સમુદાયોની દેશની સરેરાશ કરતા વધુ છે. સ્વરોજગાર ના ક્ષેત્રમાં મુસલમાનો ની ટકાવારી ૫૪% છે અને જે દેશની સરેરાશ ૫૭% કરતા ઓછી છે તેમજ અનોપચારીક ક્ષેત્રોમાં મુસલમાનોની ટકાવારી ૨૩% છે જે દેશની ટકાવારી ૧૭ % થી વધુ છે. આ આંકડાઓથી સમજાય છે કે રાજય માં લઘુમતિ ભેદભાવના શીકાર છે.

સચ્ચર સમિતિ ની ભલામણો પછી દેશમાં ૨૦૦૬માં લઘુમતિ કલ્યાણ મંત્રાલયની સ્થાપના થઈ, જેનો મુખ્ય ધ્યેય દેશના લઘુમતિઓને મુખ્ય ધારામાં લાવવાનો છે, જે માટે શિષ્યવૃત્તી, કોશલ્ય વિકાસ, વકફ વિકાસ, પ્રધાનમંત્રી ૧૫ સૂત્રીય કાર્યક્રમ, સરકારી પરીક્ષાઓની તૈયારી માટે સહાય, **MSDP** જેવી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે, લઘુમતી મંત્રાલય ભારત સરકારના આંકડાઓ મુજબ ગુજરાત રાજયમાં આ યોજનાઓની અમલવારી લગભગ શુન્ય છે. ગુજરાતમાં અલગ થી કોઈ લઘુમતિ કલ્યાણ મંત્રાલયની સ્થાપના કરવામાં આવેલ નથી, તેમજ રાજયના બજેટમાં લઘુમતિ ઉત્કર્ષ માટે અલગથી કોઈ જ નકકર ફાળવણી કરવામાં આવેલ નથી.

દેશમાં વચિત વર્ગ, સમૂહો ને ફરીયાદ નિવારણ અને વિકાસ માટે રણનીતી બનાવવા આયોગોની સ્થાપના કરવામાં આવી છે જેમ કે મહિલા આયોગ, અનુસૂચિત આયોગ, અનુસૂચિત જનજાતિ આયોગ, પછાત વર્ગ આયોગ, બાળ અધિકાર આયોગ, લઘુમતિ આયોગ વગેરે. પરંતુ ગુજરાતમાં આ લઘુમતિ આયોગ ની સ્થાપના જ નથી થઈ.

જેથી આપશ્રી ને અમારી માંગણી છે કે,

**૧. રાજય લઘુમતિ આયોગની રચના કરવામાં આવે અને તેને બંધારણીય મજબુતી મળે તેવો કાયદો વિધાનસભા માં પસાર કરવામાં આવે.**

**૨. રાજય ના બજેટમાં લઘુમતિઓ ના વિકાસ માટે નકકર જોગવાઈ કરવામાં આવે.**

**૩. રાજય ના લઘુમતિ બહુલ ક્ષેત્રોમાં સરકારી હાયર સેકન્ડરી શાળાઓની સ્થાપના કરવામાં આવે.**

**૪. રાજયમાં લઘુમતિ કલ્યાણ મંત્રાલયની સ્થાપના કરવામાં આવે.**

**૫. મદ્રસા ડીગ્રી ને ગુજરાત બોર્ડની સમકક્ષ માન્યતા આપવામાં આવે.**

**૬. લઘુમતિઓના ઉત્થાન માટે વિશેષ આર્થીક પેકેજ આપવામાં આવે.**

**૭. કોમી તોફાનોથી આંતરીક વિસ્થાપીત થયેલા લોકો ના પુનઃસ્થાપન માટે પોલીસીની રચના કરવામાં આવે.**

**૮. પ્રધાન મંત્રીના નવા ૧૫ સુત્રીય કાર્યક્રમની સંપુર્ણ અમલવારી કરવામાં આવે.**

નામ સહિ

સરનામું

મોબાઈલ